# મોડાસાના આનંદપુરા કંપાના ૬૫ વર્ષીય આધેડ સ્વાઈન ફ્લુની ઝપટે : આરોગ્ય તંત્ર ઉંધા માથે

સતત ઠંડી પડવાના કારણે સ્વાઈનફ્લુ નો એચવન એનવન વાઈરસ ફરી સક્રિય થતા થયો છે




રાજકોટમાં અને સૌરાષ્ટ્રમાં તો સ્વાઈનફ્લૂની બીમારીએ હાહાકાર મચાવ્યો છે અરવલ્લી જીલ્લામાં પણ એક મહિના અગાઉ સ્વાઈનફ્લુ બાયડની મહિલાને ભરખી ગયો હતો હાલ અરવલ્લી જીલ્લામાં મેઘરજ, મોડાસા અને માલપુરમાં સ્વાઈન ફ્લુના ૩ દર્દીઓ સારવાર હેઠળ છે ત્યારે મોડાસાથી ૩ કી.મી દૂર આવેલા આનંદપુરા કંપાના ૬૫ વર્ષીય આધેડ સ્વાઈનફ્લૂમાં સપડાતા મોડાસાની ખાનગી મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ અમદાવાદની સંજીવની હોસ્પિટલમાં ખસેડાતા આધેડનો સ્વાઈનફ્લુ રિપોર્ટ પોઝેટીવ આવતા આરોગ્ય વિભાગ ઉંધા માથે પછડાયા જેવો ઘાટ સર્જાયો છે.

મોડાસાના ૬૫ વર્ષીય આધેડને સોમવારે બપોરે અચાનક શ્વાસ લેવામાં તકલીફ જણાતા પરિવારજનોએ મોડાસાની ક્રિષ્ના હોસ્પિટલમાં તાબડતોડ સારવાર અર્થે ખસેડાતા ફરજ પરના તબીબોને આધેડને શંકાસ્પદ સ્વાઈનફ્લુના લક્ષણો જણાતા અમદાવાદની સંજીવની હોસ્પિટલમાં ખસેડાતા તબીબોએ આધેડનો એચવન એનવન રિપોર્ટ કરાવતા રિપોર્ટ પોઝેટીવ આવતા સઘન સારવાર હાથધરી અરવલ્લી જીલ્લા આરોગ્ય તંત્રને જાણ કરતા જીલ્લા તંત્રમાં ભારે દોડધામ મચી હતી અરવલ્લી જીલ્લા આરોગ્ય તંત્ર જીલ્લામાં રોગચાળો નાથવામાં સંપૂર્ણ નિષ્ફળ રહ્યું છે બીજીબાજુ જીલ્લામાં સ્વાઈનફ્લુના અજગરી ભરડામાં પ્રજાજનો સપડાતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

# અમદાવાદમાં દ્વિદિવસીય ISTE સ્ટુડન્ટસ નેશનલ કન્વેન્શનનો પ્રારંભ

## દેશભરના ૧૦ હજારથી વધુ યુવા છાત્રો-ઇજનેરોને પોતાની ટેકનીકલ, ઇનોવેશન્સ, રિસર્ચની શ્રેષ્ઠતા પૂરવાર કરવાની તક ''એમ્પાવરીંગ ઇન્ડીયા થ્રુ ઇનોવેશન્સ'' વિષયવસ્તુ

ગાંધીનગર, તા. ૨૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ યુવાશકિતના ટેકનીકલ ઈનોવેશન્સને સ્ટાર્ટઅપથી નવું બળ આપી ૨૦૨૦ સુધીમાં રાજ્યમાં ૨૦૦૦થી વધુ નવા સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપી તૈયાર કરવાની નેમ વ્યકત કરી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ યુવાનોના ટેકનીકલ જ્ઞાન, વિચાર, ક્ષમતા અને રિસર્ચને નવી દિશા આપવા સ્ટાર્ટઅપ અને સ્ટુડન્ટ ઈનોવેશન ચેલેન્જીસના નવા અભિગમો અપનાવ્યા છે.

ગુજરાતે આ અભિગમને આગળ ધપાવતાં રાજ્યમાં રૂ. ૨૦૦ કરોડની જોગવાઈ સાથે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પોલિસી ઘડીને યુવાનોના સપના સાકાર કરવાની દિશા આપી છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીએ અમદાવાદમાં એલ.ડી. કોલેજ ઓફ




એન્જીનીયરીંગ દ્વારા યોજીત બે દિવસીય ISTE સ્ટુડન્ટસ નેશનલ કન્વેન્શનનો પ્રારંભ કરાવ્યો હતો. આ કન્વેન્શનમાં દેશભરના રાજ્યોના ૧૦ હજારથી વધુ યુવા છાત્રો ૭૦ થી વધુ વિવિધ સ્પર્ધાઓમાં પોતાના ટેકનીકલ-વૈજ્ઞાનિક જ્ઞાન કૌશલ્યની શ્રેષ્ઠતા પ્રદર્શિત કરવાના છે.

વિજયભાઈ રૂપાણીએ 'એમ્પાવરીંગ ઈન્ડીયા થ્રુ ઈનોવેશન્સ'ની થીમ સાથે યોજાઈ રહેલું આ કન્વેન્શન યુવા પેઢીના નવા ઈનોવેશન્સ -રિસર્ચથી 'શેપિંગ એ ન્યુ ઈન્ડીયા'ની સંકલ્પના સાકાર કરશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. તેમણે આ હોનહાર યુવાશકિતને ભવિષ્યના ભારતના નિર્માતાઓ તરીકે નવાજતાં કહ્યું કે વડાપ્રધાને યુવાનોને સ્કીલ + વીલ + ઝિલ = વિન નો મંત્ર આપીને યુવાનો માટે આધુનિક જ્ઞાન-વિજ્ઞાનની ક્ષિતીજો ખોલી આપી છે.

મુખ્યમંત્રીએ રાજ્યમાં ઈઝરાયેલના સહયોગથી સ્ટાર્ટઅપને વેગ આપવા સાથે નોલેજ બેઈઝડ ઈકોસિસ્ટમના વિકાસ માટે સાયન્સ ટેકનોલોજી ક્ષેત્રે રિસર્ચ-ડેવલપમેન્ટને વેગ આપવા ઈનોવેશન ફંડ અંતર્ગત રૂ. ૫૦ કરોડનું ફંડ રચવાના નિર્ણયની છણાવટ કરી હતી.

# સાબરકાંઠામાં મહાત્મા ગાંધીની જન્મ જયંતી ઉજવવા ૨.૫૧ કરોડનો ખર્ચ કરાયો

કેન્દ્ર સરકાર દ્વારા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધી શહેરો અને ગામડાઓમાં વિગતો દર્શાવતા બોર્ડ પાછળ રૂ. ૨.૫૧ કરોડનો ધુમાડો થઈ ચૂક્યો છે. જે પ્રશ્નને લઈને મંગળવારે મળેલી જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં એક સદસ્યાએ પ્રશ્ન ઉપસ્થિત કરતા તે અંગે ચર્ચા કરવાની ફરજ પડી હતી. તો બીજી તરફ આવા બોર્ડ બનાવા પાછળ થયેલા ખર્ચમાં ભ્રષ્ટ્રાચાર અંગે અન્ય સભ્યોમાં ગણગણાટ થયો હતો.

સામાન્ય સભામાં નીરૂબા લાલસિંહ પરમારે એવો પ્રશ્ન પૂછ્યો હતો કે મહાત્મા ગાંધીના ૧૫૦ વર્ષ પૂર્ણ થતા જયંતી ઉજવવા પાછળ સાબરકાંઠામાં કેટલો ખર્ચ કરાયો તેના જવાબમાં જિલ્લા પંચાયતના સત્તાવાળાઓએ લેખિત જવાબમાં પબ્લીક ઈન્ફોર્મેશન બોર્ડ બનાવવા પાછળ અત્યાર સુધીમાં અંદાજે ૨,૫૧,૬૯, ૩૬૪નો ખર્ચ કરાયો છે. જે ૧૪માં નાણાપંચની ગ્રાન્ટમાંથી વપરાયા છે. જે અંતર્ગત પ્રાંતિજ તાલુકામાં ૫૫,૩૦૦, હિંમતનગર તાલુકામાં ૫૩૬૮૮, વિજયનગર તાલુકામાં રૂ. ૫૧ હજાર તથા ઈડર, વડાલી, તલોદ, પોશીના અને ખેડબ્રહ્મા રૂ. ૫૫,૫૦૦નો પ્રતિ બોર્ડ દિઠ ખર્ચ કરાયો છે.



## ધાનેરામાં ૫૦ કરતા વધુ જગ્યાએ ધરતી માતાનું પૂજન

ધાનેરામાં ૨૬ મી જાન્યુઆરી નિમિતે રાત્રે ૫૦ કરતા વધુ જગ્યા એ ધરતી માતાનું પૂજન કરી લોકોએ ૨૬ મી જાન્યુઆરીના પર્વની ઉજવણી કરી હતી. ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના રોજ ગુજરાતમાં ધરતી માતા કરોપાય માં થયા હતા અને વિનાશક ભૂકંપ આવ્યો હતો અને ધરતી માતાએ વિનાશક રૂપ ધારણ કર્યુ હતું જેમાં અનેક લોકો મોતને ભેટ્યા હતા જ્યાંથી લઈ આજ દિવસ સુધી ગુજરાત વાસીઓ આ કર્મ દિવસ ને ભૂલી શક્યા નથી ત્યારે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં ૨૬ મી જાન્યુઆરી ના રાત્રે વિવિધ જગ્યા ઉપર ધરતી માતાનું પૂજન કરે છે તો આજે પણ ધાનેરા માં ૫૦ કરતા વધુ જગ્યા ઉપર ધરતી માતાનું પૂજન કરવામાં આવ્યું હતું જેમાં લોકોએ ભેગા મળી ધરતી પૂજાના કર્યુ હતું અને બીજી વાર ધરતી માતા ક્રોપય માં ન બને તે માટે પૂજા અર્ચના પણ કરી હતી તો બીજી તરફ નાની બાળાઓ ધ્વરા દેશ ભક્તિ ના ગીતો ઉપર વિવિધ પ્રોગરામો કરી મનોરંજન પાર પૂરું પડ્યું હતું.

# રામપુરા ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વિના મૂલ્યે નેત્ર નિદાન-સારવાર કેમ્પ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રામપુરા ખાતે રહેતાં ગોમામાથી કુલ-૬૩૦ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો અને ૨૮૯ વ્યક્તિઓને રાહતદરે



સર્જન ફાઉન્ડેશન દ્વારા વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો, જેમાં રામપુરા ગામ સહિત આજુબાજુમાં રહેતાં લોકોએ લાભ લીધો હતો.

પ્રાંતિજના રામપુરા ખાતે આવેલ સંસ્કાર ભારતી વિદ્યાલય ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ આયોજિત વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો. જેમાં રામપુર ગામ સહિત આજુબાજુમાં ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું, જયારે ૮૮ દર્દીઓને ઈડર ખાતે આવેલ આત્મવલ્લભ હોસ્પિટલ ખાતે વિનામુલ્યે ઓપરેશન સહિત દર્દીઓને રહેવા જમવા તથા લાવવા લઈ જવા સુધીની સગવડ પણ પુરી પાડવામાં આવશે. સમગ્ર કેમ્પનું સફળ આયોજન સંસ્થાનાં પ્રોજેકટ ઓફિસર અશોકભાઈ પરમાર તથા સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ભિલોડાની કાળી ડુંગરી વિસ્તારમાં બુટલેગરોએ ઈનોવા કાર એલસીબીની ટીમ પર ચઢાવી કચડી નાખવાનો પ્રયાસ

અરવલ્લી જીલ્લામાંથી વિદેશી દારૂની હેરાફેરી કરતા બુટલેગરો બેફામ બન્યા છે ખાખી વર્દીના ખોફ પર બુટલેગરો હાવી થઈ રહ્યા હોય તેમ હુમલો કરતા અચકાતા નથી મંગળવારે ભિલોડાના કાળી ડુંગરી નજીક અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે બેરિકેડ ઉભા કરી નાકાબંધી કરી વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા એલસીબીના કોન્સ્ટેબલે વિદેશી દારૂ ભરી પસાર થતી ઈનોવા કાર ને અટકાવવા જતા બુટલેગરે કોન્સ્ટેબલ અને અન્ય રાહદારીઓ પર કાર ચઢાવી દઈ કાર થી કચડી નાખવાના હિચકારા પ્રયાસ થતા ભારે ચકચાર મચી હતી ઈનોવા કાર રોડ પરથી પસાર થતા પીક અપ ડાલા સાથે અથડાવી દેતા ઈનોવા રોડ સાઈડ ઉતારી જતા ઈનોવાનો ચાલક ફરાર થઈ ગયો હતો ભિલોડા પોલીસે ઘટનાસ્થળે પહોંચી ફરાર બુટલેગરને




ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. બુટલેગરો વિદેશી દારૂ ઘુસાડવા માટે મરણીયા બની પોલીસ અટકવાનો પ્રયાસ કરેતો કચડી નાખતા પણ અચકાતા નથી થોડા વર્ષ અગાઉ શામળાજી પીએસઆઈ વાળા પર બુટલેગરે દારૂ ભરેલી કાર ચઢાવી દેતા ગંભીર ઈજાઓ પહોંચતા અમદાવાદ સઘન સારવાર બાદ મોત નીપજ્યું હતું આ ઘટનાના પાંચ દિવસ બાદ બે પોલીસ કોન્સ્ટેબલના પગ પર ઈનોવા કાર પગ ભાગી નાખવાની ઘટના ઘટી હતી થોડા મહિના પહેલા ભિલોડા નજીક કોન્સ્ટેબલ પર બુટલેગરે હુમલો કરતા માંડ માંડ જીવ બચાવવામાં સફળતા મળી હતી ત્યારે ભિલોડા નજીક અરવલ્લી જીલ્લા એલસીબી ની ટીમે નાકાબંધી કરી વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા વિદેશી દારૂ ભરી પસાર થતી ઈનોવા કાર (ગાડી.નં.જ્ઞ્ન ૦૩ દ્બ્દ્ર ૪૨૦૬ ) ને અટકાવવાનો પ્રયાસ કરતા ઈનોવાના ચાલકે એલસીબી કોન્સ્ટેબલ નિલેશભાઈ વિષ્ણુભાઈ પર કાર ચઢાવી કચડવાનો પ્રયત્ન કરતા કોન્સ્ટેબલે સમયસૂચકતા વાપરી હટી જતા રોડ પરથી પસાર થતા પીકઅપ ડાલાને અથડાવતાં પીકઅપ ડાલામાં બેઠેલા બે વ્યક્તિઓના શરીરે ઈજાઓ પહોંચી હતી પીકઅપ ડાલાને અથડાયા પછી ઈનોવા કાર રોડ સાઈડ ઉતરી જતા બુટલેગર ફરાર થઈ ગયો હતો ભિલોડા પોલીસે ઘટનાસ્થળે પહોંચી વિદેશી દારૂની બોટલો નંગ-૨૯૮ કીં. રૂ.૧૩૫૦૦૦/- તથા કારની કીં. રૂ.૫૦૦૦૦૦/- મળી કુલ રૂ.૬૩૫૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ અને એલસીબીના કોન્સ્ટેબલ નિલેશભાઈ વિષ્ણુ ભાઈની ફરિયાદના આધારે ઈપીકો કલમ ૩૦૭ મુજબ ઈનોવા કાર ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ભિલોડા એન. આર. એ. વિદ્યાલયમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ.વિદ્યાલય પટ્ટાંગણમાં ૭૦માં પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજાયો હતો. જન સેવા સંઘ પ્રમુખ મુકેશભાઈ ડી.ત્રિવેદી, કારોબારી સભ્યો વિપુલભાઈ જોષી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસાના વડાવલ ગામમાં રબારી સમાજના શિક્ષણ રથમાં ૭૧ લાખનું દાન મળ્યું

ડીસા

બનાસકાંઠાના ડીસા પંથકમાં રબારી સમાજ દ્વારા આયોજીત શિક્ષણ રથ સોમવારે ડીસા તાલુકાના




વડાવલ ખાતે આવી પહોંચતા ગ્રામજનો દ્વારા શિક્ષણ રથનું ભવ્ય સ્વાગત કરાયું હતું. રબારી સમાજના નવિન શૈક્ષણિક સંકુલના નિર્માણ માટે વડાવલ ગામના લોઢા પરીવારે ૭૬ લાખ રૂપિયાના દાનની સરવાણી વહાવી હતી.

ડીસાના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈની આગેવાનીમાં રબારી સમાજના સાથ અને સહકારથી નીકળેલો શિક્ષણ રથ સોમવારે ડીસા તાલુકાના વડાવલ ખાતે આવી પહોંચતા ગ્રામજનો દ્વારા રબારી સમાજના શિક્ષણ રથનું ભવ્ય સ્વાગત સામૈયું કરાયું હતું. વડાવલ ખાતે વાગડોદ નકળંગ ધામના મહંત પૂજ્ય શંકરનાથ મહારાજની વિશેષ ઉપસ્થિતિમાં ગોવાભાઈ દેસાઈ અને માવજીભાઈ દેસાઈએ રબારી સમાજના નવિન શૈક્ષણિક સંકુલમાં દાન આપનારા દાતાઓનું શિક્ષણનો ખેસ પહેરાવી વિશેષ સન્માન કર્યુ હતું.

આ પ્રસંગે ડીસાના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈએ રબારી સમાજને શિક્ષણની ખુબ જરુર હોવાનું જણાવી રબારી સમાજ સહીત અન્ય સમાજના બાળકોને સુવિધાસભર ઉચ્ચ શિક્ષણ મળી રહે તેવા અત્યાધુનિક શિક્ષણ સંકુલના નિર્માણ માટે ઉદાર હાથે દાન આપનારા દાતાઓનો આભાર વ્યક્ત કરી કુરિવાજો અને અંધશ્રધ્ધાને જાકારો આપી વ્યસન મુક્ત સમાજના નિર્માણ માટે હાકલ કરી હતી.

## થરથર ધ્રુજતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરંતુ આકરી ઠંડીમાં માર્નિંગ સ્કુલમાં જતા વિદ્યાર્થીઓને રાહત મળે તે માટે શિક્ષણતંત્રએ ચિંતા કરી નથી. સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓએ આકરી ઠંડીમાં થર થર ધ્રુજવાનો વારો આવે છે. શિક્ષણ વિભાગ દ્વારા આ મામલે અગાઉ પરિપત્ર કરીને જિલ્લા શિક્ષણતંત્ર તેમજ શાળાના આચાર્યોને નિર્ણય લેવા માટે જણાંવ્યુ હોવાની વાત પણ સામે આવી છે. આમછતા આ મામલે દર વર્ષે કાતિલ ઠંડીના સંજોગોમાં શાળાના સમયમાં ફેરફાર કરવામાં શિક્ષણતંત્ર નિરસતા દાખવતુ હોવાનો રોષ પણ વાલીઓ ઠાલવી રહ્યા છે. શિક્ષણતંત્ર માનવતા મુકી બેફીકર બન્યુ હોવાનો રોષ પણ કેટલાક વાલીઓમાં પ્રબળ બન્યો છે.

## આઈટી પાર્ક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગિફ્ટસીટીને લઈ સરકાર હજુ જાહેરમાં કોઈ રીતે મગનું નામ મરી પાડવા તૈયાર નથી પરંતુ આ દિશામાં ઘણી બધી કામગીરી આગળ વધી ચુકી હોવાનું સરકારના વિશ્વસનીય સૂત્રોએ સ્વીકાર્યું છે.

હવે ગિફ્ટસીટીની સાથે અહિ આઈ.ટી. પાર્ક પણ ડેવલપ થશે એટલે સાચા અર્થમાં હાઈટેક સીટી બનશે તેવો વિશ્વાસ પણ સરકારના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે. ૧૮મીથી શરૂ થઈ રહેલા વિધાનસભાના અંદાજપત્ર સત્ર દરમ્યાન આ અંગે મહત્વની જાહેરાત થઈ શકે તેવા સંકેતો પણ સચિવાલયના સૂત્રો આપી રહ્યા છે.

## ઠંડીમાં રાહત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બરફ પરથી ફુંકાતા હોય તેવા હીમ પવનો વસાહતીઓને હેરાન પરેશાન કરી રહ્યા છે. બાળકો અને વડીલોની હાલત કફોડી બની છે. ઘરમાં પણ બે-ત્રણ ગરમ વસ્ત્રો પહેરીને રાખવાની ફરજ પડે છે. દ્વિચક્રી વાહન પર બહાર નીકળવુ દુષ્કર બનતુ જાય છે.

આકરી ઠંડીની જનજીવન પર ઘેરી અસર જોવા મળી રહી છે. ઠંડીનો મિજાજ ઉગ્ર રહેતા સાંજ પડતાં જ માર્ગો એકદમ સુમસામ બની જાય છે. નગરજનો ઘરમાં પુરાઈ રહેતા બજારોમાં પણ સુનકારો જોવા મળે છે. તાપણુ, કોલસાની સગડી અને હીટર જેવા સાધનો વડે વસાહતીઓ ઠંડી ઉડાડવાનો પ્રયાસ કરે છે. આજે પશ્ચિમી વિક્ષોપના કારણે ઠંડીમાં થોડોક ઘટાડો થયો હતો જોકે આગામી દિવસોમાં વધુ આકરી ઠંડી પડવાની આગાહી હવામાન વિભાગે કરી છે.

## શંકરસિંહ વાઘેલા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લોકોને ભાજપના શાસનથી બચાવવા હું એનસીપીમાં જોડાયો છું. દેશમાં અત્યારે લોકશાહી અને લોકશાહીની સંસ્થાઓનું અસ્તિત્વ જોખમમાં છે ત્યારે રાજકારણમાં બિનસક્રિય રહેવું યોગ્ય નહી લેખાય, તેથી હું મારી ભૂમિકા ભજવવા આવ્યો છું. શંકરસિંહ વાઘેલાએ ગત ગુજરાત વિધાનસભા ચૂંટણી અગાઉ કોંગ્રેસનો હાથ છોડ્યો હતો અને બાદમાં કોઈપણ પક્ષમાં જોડાયા નહતા. ગુજરાતના દિગજ્જ નેતાઓમાં શંકરસિંહ વાઘેલાની ગણતરી થાય છે અને તેઓ જનતા પાર્ટી બનાવીને ૧૨૫ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા. પરંતુ લગભગ તમામ સભ્યોની ડિપોઝિટ ડૂલ થઈ ગઈ હતી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને જનસંઘથી રાજકીય સફર શરૂ કરનાર વાઘેલા લાંબા સમય સુધી કોંગ્રેસમાં રહ્યા અને તેઓ કોંગ્રેસમાં મંત્રી પદે પણ રહ્યા હતા. પાર્ટીએ તેમને કેન્દ્રીય મંત્રીથી લઈને પ્રદેશ અધ્યક્ષ સુધીની જવાબદારી સોંપી હતી. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી પૂર્વે પોતાને સીએમ પદના ઉમેદવાર જાહેર ના કરાતા બાપૂએ કોંગ્રેસ સાથે છેડો ફાડી લીધો હતો. શંકરસિંહ વાઘેલાનો જન્મ તા.૨૧ જુલાઈ ૧૯૪૦ના રોજ ગાંધીનગરના વાસણા ગામમાં રાજપૂત પરિવારમાં થયો હતો. શંકરસિંહ ૧૯૭૭, ૧૯૮૯, ૧૯૯૧, ૧૯૯૯, ૨૦૦૪ એમ પાંચવાર લોકસભાના સાંસદ અને ૧૯૮૪માં રાજ્યસભા સાંસદ રહી ચૂક્યા છે. શંકરસિંહ ૧૯૯૬માં ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા. આમ, શંકરસિંહ વાઘેલાએ તેમની રાજકીય કારકિર્દી દરમ્યાન પાંચ મહત્વની પાર્ટીઓ બદલી નાંખી છે ત્યારે રાજકારણમાં તેમનો અનુભવ બહોળો અને બહુ મહત્વનો છે તે વાત પણ નકારી શકાય તેમ નથી.

## નિધન

● અનુસંધાન પહેલાનું ચાલુ

હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત અને કન્નડ ભાષા પર તેમની પક્કડ હતી. સાહિત્યને લઈને પણ તેઓ નિષ્ણાંત હતા. હાલમાં છેલ્લા કેટલાક સમયથી તેઓ બિમાર ચાલી રહ્યા હતા. વર્ષ ૨૦૦૧થી લઈને ૨૦૦૪ના ગાળા દરમિયાન તેઓ સંરક્ષણ પ્રધાન તરીકે રહ્યા હતા. એ વખતે વાજપેયીના નેતૃત્વમાં એનડીએ સરકાર હતી. સંરક્ષણ ઉપરાંત જ્યોર્જે કોમ્યુનિકેશન, ઈન્ડસ્ટ્રીઝ, રેલવે જેવા ખાતા પણ સંભાળી લીધા હતા. તેઓ જનતા દળના ચાવીરૂપ નેતા હતા. ત્યારબાદ તેઓએ વર્ષ ૧૯૯૪માં સમતા પાર્ટીની રચના કરી હતી. જે મોડેથી જનતા દળ યુમાં મર્જ થઈ ગઈ હતી. જ્યોર્જ ફર્નાન્ડિઝ છેલ્લા ઘણા સમયથી બિમાર ચાલી રહ્યા હતા. હાલમાં તેમને સ્વાઈન ફ્લુની અસર પણ થઈ હતી. આજે ૮૮ વર્ષની વયમાં તેમનું અવસાન થયું હતું. ફર્નાન્ડિઝ અનેક હોદ્દા ઉપર સક્રિય રહ્યા હતા. ૧૯૭૭માં જનતા પાર્ટીની સરકાર બની ત્યારે મોરારજી દેસાઈ કેબિનેટમાં પણ ફર્નાન્ડિઝ પ્રધાન તરીકે હતા. તેઓએ ૧૯૮૯થી ૧૯૯૦ના ગાળા દરમિયાન તત્કાલિન વડાપ્રધાન વીપી સિંહની સરકારમાં રેલવે મંત્રી તરીકે પણ હતા. તેમના અવસાનના સમાચાર મળતા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દુખવ્યક્ત કર્યુ હતું અને કહ્યું હતું કે, ગરીબ અને વંચિત વર્ગના લોકો માટે ફર્નાન્ડિઝ સતત લડત ચલાવી રહ્યા હતા. જ્યોર્જ ફર્નાન્ડિઝ એક સાહસી અને આક્રમક નેતા હતા. ભારતે એક શક્તિશાળી નેતા ગુમાવી દીધા છે. એક ઉત્કૃષ્ટ ટ્રેડ યુનિયન લીડરની સાથે સાથે તેઓ દુરગામી રેલવેમંત્રી તરીકે હતા. મહાન સંરક્ષણમંત્રી તરીકે હતા. નરેન્દ્ર મોદીએ તેમની ભૂમિકાને યાદ કરી હતી. બિહારમાં બે દિવસના રાજકીય શોકની જાહેરાત કરવામાં આવી છે.

## સ્વાગત

● અનુસંધાન પહેલાનું ચાલુ

મંદિરના પુજારી સત્યેન્દ્રદાસે કહ્યું છે કે, કેન્દ્ર સરકાર બિન વિવાદાસ્પદ જમીન પરત લઈ શકે છે પરંતુ જ્યાં સુધી ગર્ભગૃહના વિવાદાસ્પદ જમીન ઉપર નિર્ણય થતો નથી ત્યાં સુધી મંદિર નિર્માણ શરૂ થઈ શકે નહીં. કોર્ટ સતત તારીખો આપીને સુનાવણી ટાળવામાં વ્યસ્ત છે. વહેલી તકે નિર્ણય કરવામાં આવે તે જરૂરી છે. સરકાર સંસદમાં કાનૂન બનાવીને વિવાદનો ઉકેલ લાવે તે જરૂરી છે. બાબરી મસ્જિદના બીજા પક્ષકાર હાઝી મહેમુબે આકરી પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું છે કે, આ રાજનીતિક રમત ૧૯૯૦ જેવી સ્થિતિ ઉભી કરી શકે છે. તેમણે કહ્યું છે કે, આ અરજી ૨૦૧૪માં જ્યારે ભાજપની સરકાર બની હતી ત્યારે દાખલ કરવાની જરૂર હતી. હજુ સુધી મંદિર નિર્માણની પ્રક્રિયા પણ શરૂ થઈ હતો અને કોર્ટનો નિર્ણય પણ આવી ગયો હોત. હવે કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજી પર નિર્ણય થઈને બિન વિવાદાસ્પદ જમીન ન્યાસને મળે છે તો મંદિર નિર્માણ શરૂ થઈ શકે છે. વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય કારોબારી અધ્યક્ષ આલોક કુમારે કહ્યું છે કે, અમે સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાનું સ્વાગત કરીએ છીએ. તેમણે કહ્યું હતું કે, તત્કાલિન સરકારે ૧૯૯૩માં કુલ ૬૭.૭૦૩ એકર જમીન મેળવી હતી. આમા રામ જન્મભૂમિ ન્યાસની જમીન પણ સામેલ છે. કોર્ટમાં કેન્દ્ર સરકારે કહ્યું છે કે, તે બિન વિવાદાસ્પદ ૬૭ એકર જમીન તેના માલિક રામ જન્મભૂમિ ન્યાસને આપી શકે છે. આ જમીનનું અધિગ્રહણ ૧૯૯૩માં કોંગ્રેસની તત્કાલિન નરસિંહરાવ સરકારે કર્યુ હતું. કોર્ટમાં ત્યારબાદ યથાસ્થિતિ જાળવી રાખવા અને કોઈ ધાર્મિક ગતિવિધિ ન થવા દેવાના આદેશ જારી કર્યા હતા.

## સુપ્રીમના દ્વારે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેટલાક હિસ્સાને સોંપી દેવા માટેની માંગ કરી છે. આ ૬૭ એકર જમીન ૨.૬૭ એકર વિવાદાસ્પદ જમીનની ચારેબાજુ સ્થિત છે. સુપ્રીમ કોર્ટે વિવાદાસ્પદ જમીન સહિત ૬૭ એકર જમીન પર યથાવસ્થિતી જાળવી રાખવા માટેનો આદેશ આપ્યો હતો. સરકારના આ નિર્ણયનુ વિશ્વ હિન્દુ પરિષદ અને હિન્દુવાદી સંગઠનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ છે. વર્ષ ૧૯૯૩માં કેન્દ્ર સરકારે અયોધ્યા અધિગ્રહણ એક્ટ હેઠળ વિવાદાસ્પદ સ્થળ અને આસપાસની જમીનનુ અધિગ્રહણ કરી લીધુ હતુ અને પહેલાથી જ જમીન વિવાદને લઈને દાખલ તમામ અરજીઓને ફગાવી દીધી હતી. સરકારના આ એક્ટને સુપ્રીમ કોર્ટમાં પડકાર ફેંકવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારે વિવાદાસ્પદ રામજન્મભૂમિ જમીનની આસપાસની વધારાની જમીનને પરત કરી દેવાની માંગ કરી છે. કેન્દ્ર સરકારે આજે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. સરકાર દ્વારા આમાં તર્કદાર દલીલો કરી છે. કેન્દ્ર સરકારે વધારાની જમીનનો ઉપયોગ ઈનગ્રેસ આપવા માટે કરવાનો નિર્ણય કર્યો છે. આ મામલામાં આજે સુનાવણી થનાર હતી પરંતુ રવિવારના દિવસે જ ટાળી દેવામાં આવી હતી. આની સાથે જ તારીખ પર તારીખ પડવાનો સિલસિલો જારી રહ્યો છે. આના બે દિવસ પહેલા સીજેઆઈ રંજન ગોગોઈએ અયોધ્યા મામલાની સુનાવણી માટે પાંચ બંધારણીય બેંચની રચના કરી હતી. સુપ્રીમ કોર્ટના એડિશનલ રજિસ્ટ્રાર લિસ્ટિંગ તરફથી રવિવારના દિવસે જારી નોટિસમાં કહેવામાં આવ્યું હતુ કે બંધારણીય બેંચમાં સામેલ કરાયેલા જસ્ટિસ એસએ બોબડે ૨૯મીએ ઉપસ્થિત રહેશે નહીં જેથી સુનાવણી કરાશે નહીં. અત્રે નોંધનીય છે કે, અયોધ્યા મામલાની સુનાવણી માટે ૨૫મી જાન્યુઆરીના દિવસે દેશના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ આખરે નવી બેંચની રચના કરી હતી. આ બેંચમાં જસ્ટિસ અશોક ભૂષણ, જસ્ટિસ અબ્દુલ નઝીર સામેલ કરવામાં આવ્યા હતા અને ૨૯મી જાન્યુઆરીના દિવસે પાંચ જજની બેંચ દ્વારા મામલાની સુનાવણી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો પરંતુ હવે આજે પણ આ મામલે સુનાવણી થઈ શકી ન હતી. તારીખ પર તારીખ પડવાનો સિલસિલો જારી રહ્યો છે.

નવી રચવામાં આવેલી બેંચમા અન્ય ત્રણ જજમાં સીજેઆઈ, જસ્ટિસ એસએ બોબડે અને જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ સામેલ હતા. તે પહેલા વર્ષો જુના અયોધ્યા વિવાદ કેસના મામલામાં સુનાવણી સુપ્રીમ કોર્ટે ૨૯મી ઓક્ટોબરના દિવસે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહ સુધી ટાળી દીધી હતી. ચીફ જસ્ટીસ રંજન ગોગોઈના નેતૃત્વમાં રચવામાં આવેલી બેંચે અયોધ્યા વિવાદ મામલામાં સુનાવણી જાન્યુઆરી ૨૦૧૯ સુધી ટાળી દીધી હતી. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસના નેતૃત્વવાળી બેચમાં સંવેદનશીલ અયોધ્યા રામ મંદિર-બાબરી મસ્જિદ જમીન વિવાદના મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જો કે ટુંકા ગાળામાં જ મામલાની સુનાવણીને ૧૦મી જાન્યુઆરી સુધી ટાળી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.